ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૩-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### બિહાર : ભાજપની તરફેણમાં આકાર લઈ રહેલાં જ્ઞાતિ-સમીકરણો

બિહારની ચાળીસ બેઠકો માટે ત્રણ મુખ્ય પ્રતિસ્પર્ધીઓ વચ્ચે જીવસટોસટની લડાઈ જામી છે. સવર્ણ જાતિઓ- ભૂમિહાર, ક્ષત્રિય અને ઉચ્ચ મધ્યમવર્ગનું સમર્થન ધરાવતા ભાજપમાં મોદીના નામનું મોજું ફરી વળ્યું છે, તો સામે ઉમેદવારોની યાદી જાહેર કરી દઈને ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ અપૂર્વ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યા છે. લાલુ સામે ઘાસચારા કૌભાંડ મુદ્દે થયેલ પાંચ વર્ષની સજા જેવો મુદ્દો છે, પરંતુ આ સજા લાલુની રાષ્ટ્રીય જનતા દળ માટે મજા બની રહી છે. જાતિવાદ સમીકરણોમાં બિહારની બહુસંખ્યક યાદવ જાતિમાં એમના આખા બોલા અને છાતી કાઢીને ચાલનાર નેતા પ્રત્યે સહાનુભૂતિનું મોજું ફરી વળ્યું છે. લાલુ યાદવના નજીકના સંબંધી અને એમના હનુમાન ગણાતા રામકૃપાલ યાદવ ભારે હૈયે રાજદને રામ રામ કરી ચૂક્યા છે. એમણે લાલુના વફાદાર સાથી તરીકે કરેલી પાર્ટીની સેવાનાં મીઠાં ફળ ચાખ્યાં છે, બે વાર સાંસદ તરીકે ચૂંટાયા હતા, હમણાં રાજયસભાના સભ્ય છે અને પાર્ટીના મહામંત્રી પણ હતા. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પાટલીપુત્રની બેઠક પરથી ચૂંટણી લડવા માગતા રામકૃપાલને લાલુએ ડિંગો બતાવી દીધો એટલું જ નહીં, એ બેઠક એમણે એમની જયેષ્ઠ પુત્રી મીસાભારતીને ફાળવી દેવાનું 'દુઃસાહસ' પણ કરી દીધું. ટિકિટ વિતરણની જાહેરાત કરતી વખતે લાલુએ જાતે જ આ શબ્દ વાપર્યો હતો. ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીટાણે લાલુએ આ બેઠક ૧૦,૦૦૦ વોટના માર્જિનથી ગુમાવી હતી. લાલુ જેલમાં હતા ત્યારે પાર્ટીનું સુકાન સંભાળતાં રાબડી દેવીને સૌથી વધારે સધિયારો પરિવારના સભ્ય જેવા મહામંત્રી રામકૃપાલ યાદવનો જ હતો. રામકૃપાલે આ બેઠક લડવા માટે મન બનાવ્યું હતું અને કાર્યકરોને એ દિશામાં કામે પણ લગાડી દીધા હતા. પાર્ટીમાં 'નંબર ટુ' જેવું સ્થાન ધરાવતા યાદવ નેતાને મનાવવા જ્યારે ખુદ મીસા ભારતી એમના નિવાસ સ્થાને પહોંચ્યા ત્યારે રામકૃપાલ યાદવે એને 'ઈમોશનલ અત્યાચાર' ગણાવ્યો હતો. રામકૃપાલને તાબડતોબ ભાજપની રાજયસ્તરીય નેતાગીરીએ એ બેઠક ભાજપના ઉમેદવાર તરીકે લડી નાખવા સમજાવી લીધા, પટણાથી સવારની ફ્લાઈટ પકડીને રામકૃપાલે દિલ્હી એરપોર્ટ પર જ હૈદ્રાબાદ જવા તૈયાર બેઠેલા ભાજપ અધ્યક્ષ રાજનાથને મળી લીધું. બિહારી યાદવનેતા અને ભાજપની વચ્ચે ગોરપદું કરી રહેલા રાજીવ પ્રતાપ રૂડીએ એમને એકાદ દિવસ ચૂપ રહી રાજનાથ દિલ્હી પાછા ફરે ત્યાં સુધી રાહ જોવા જણાવ્યું છે અને વિધિવત ભાજપ પ્રવેશનું વચન આપી દીધું છે. લાલુપ્રસાદ યાદવે કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી માટે કુલ પાંચ બેઠકો છોડીને બાકીની બધી બેઠકો પર રાજદના ઉમેદવારો ઉતારવાનું નક્કી કર્યું છે. પોતે જે બેઠક પરથી ૨૦૦૯માં વિજેતા થયેલા તે સારણ લોકસભા બેઠક પર એમણે રાબડી દેવીને ઉમેદવાર બનાવ્યાં છે. અદાલતે કરેલી સજા સામે તેઓ ઉપલી કોર્ટમાં ગયા છે પરંતુ જ્યાં સુધી અદાલત એમને નિર્દોષ નહીં ઠરાવે ત્યાં સુધી લાલુ પોતે ચૂંટણી લડી શકશે નહીં. વફાદાર યાદવનેતા રામકૃપાલને આવા કપરા સંજોગોમાં અપમાનિત કરી લાલુએ મોટું જોખમ વહોર્યું છે. રામકૃપાલે અને અન્ય નેતાઓએ સ્વાભાવિક રીતે જ એમના પર પરિવારવાદનો આરોપ લગાવ્યો છે અને ભાજપને વણ માગ્યે યાદવ વોટબેંકમાં ભાગ પડાવી શકે એવો આગેવાન મળી ગયો છે. નીતીશકુમાર પોતાની જાતને સાચા વિકાસ પુરુષ ઠેરવવા આકાશપાતાળ એક કરી રહ્યા છે અને મહદંશે એમના દાવામાં તથ્ય પણ છે, પરંતુ છેલ્લે રેણુ કુશવાહાન રાજીનામાએ એમની 'આપદા' વધારી દીધી છે. એમની પાસે બિહારના પરંપરાગત જ્ઞાતિ-સમીકરણની રૂએ કુર્મી જાતિના મતદારો છે જે યાદવોની સરખામણીએ ઘણા ઓછા છે. લાલુ યાદવે પંદર વર્ષ જેટલા લાંબા ગાળા સુધી બિહાર પર એકચક્રિ રાજ કર્યું- વચ્ચે જેલમાં જવું પડ્યું ત્યારે એમણે અલ્પશિક્ષિત ગ્રામીણ પત્ની- રાબડીને મુખ્યમંત્રી બનાવીને પ્રોક્ષી-વહીવટ ચલાવ્યો હતો. પરંતુ એ પછીની ચૂંટણીમાં વિકાસના નામે મીડું વાળી દેનાર લાલુને કૌભાંડી નેતા ગણીને પ્રજાએ ફેંકી દીધા હતા. લાલુ પ્રસાદ યાદવ અને રામવિલાસ પાસવાનની જુલબંધી પણ કારગત નહોતી નીવડી શકી. લાલુપ્રસાદ સાથે ગઠબંધન કરવાની ભૂલ કોંગ્રેસને પણ ભારે પડી ગઈ હતી, એનો અહેસાસ થતાં કોંગ્રેસે નીતીશકુમાર જદ(યુ) સાથે નવું ગઠબંધન રચવાની દિશામાં પ્રયાસ પણ શરૂ કરી દીધા હતા. હકીકતમાં લાલુને જેલમાં જવું પડ્યું અને પાંચ વરસની સજા થતાં ચૂંટણી લડવા માટે પણ તેઓ ગેરલાયક ઠર્યા તેની પાછળ રાહુલ ગાંધીનો બહુચર્ચિત કેન્દ્રિય કેબિનેટનો ભ્રષ્ટાચારી સાંસદો અંગેનો ઓર્ડિનન્સ ફાડીને ફેંકી દેવા માટેનો આગ્રહ જવાબદાર હતો. છતાં જ્યારે છેલ્લે સમીકરણો બંધ બેસતાં ન લાગ્યા અને બિહારમાં કોઈ સાથી-સંગી ન મળ્યું ત્યારે લાલુ યાદવ સાથે એમની શરતે કોંગ્રેસને ગઠબંધન કરવું પડ્યું હતું. લાલુ યાદવના પ્રખમ સમર્થક અને યુપીએના સાથીદાર રહેલા લોકશક્તિ પાર્ટીના નૈતા રામવિલાસ પાસવાને હિંદી બેલ્ટમાં મોદીની હવા જોઈને યુપીએ છોડી એનડીએ સાથએ પુનઃ જોડાણ કરી એમનું પોત પરખાવી દીધું છે. બાર વર્ષ અગાઉ રામવિલાસે મોદીને મુખ્યમંત્રીપદેથી નહીં હટાવવાના એનડીએના નિર્ણય વિરુદ્ધ એનડીએ છોડી દીધું હતું. ભાજપ અત્યાર સુધી છેલ્લાં અઢાર વરસથી બિહારમાં જનતાદળ (યુ)ના જુનિયર સાથીદાર તરીકે ચૂંટણી લડતું રહ્યું હતું. મોદી અને નીતીશકુમારની લડાઈમાં સામ દામ દંડ ભેદની કૂટ નીતિમાં કદાચ મોદી આગળ નીકળી ગયા છે અને નીતીશકુમાર એકલા અટૂલા પડી ગયા છે. એમને પણ વડાપ્રધાન તો બનવું છે પણ એમનો પક્ષ મર્યાદિત અસર ધરાવતો પ્રાદેશિક પક્ષ છે. તેથી એમણે મોડે મોડે ત્રીજા મોરચાનો ખેલ પાડવાની કોશિશ કરી છે. ડાબેરીઓ સાથેના અગિયાર પક્ષોના આ મોરચામાં મહત્વાકાંક્ષી પ્રાદેશિક નેતાઓ ભેગા થયા છે. તમિળનાડુંનાં મુખ્યમંત્રીએ ડાબેરી પક્ષોને ફક્ત એક-એક બેઠક જ ફાળવવાની તૈયારી દાખવતાં મોરચામાં ભંગાણ પડ્યું છે. નીતીશ કુમારે શરૂઆતમાં મમતા બેનરજી સાથે મોરચો રચવાની ચેષ્ટા પણ કરી હતી. નીતીશકુમાર સામે લાલુ અને ભાજપ જેવા બે સબળ હરીફો છે. લાલુ અને નીતીશ બેઉ કોઈપણ ભોગે નરેન્દ્ર મોદી વડાપ્રધાન ન બની જાય એટલું ઈચ્છે છે, પરંતુ ઘર આંગણે બેઉ એકમેકના છાંયડા કાપે છે. રામકૃપાલ યાદવ અને રામવિલાસ પાસવાન જેવા બબ્બે 'રામ'ના ખભે ચડીને ભાજપ બિહાર સર કરવા કૃતસંકલ્પ છે. વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીને નારાજ કરીને વારાણસી બેઠક નરેન્દ્ર મોદીને ચરણે ધરવા પાછળ બિહારની નજીકની બેઠકો અંકે કરવાનો જ ઈરાદો છે.






હોળી - હોળી પર્વનો મહિમા ભારત દેશમાં પરંપરાગત રીતે ઉજવણી તો કરવામાં જ આવે છે... હોળી સમાજ જીવનમાં સંદેશ આપતું પર્વ છે... સમાજમાં રહેલા દૂષણોને નાથવા દૂષણોની હોળી કરી સમાજમાં એકતા અને અખંડિતતાનું નિર્માણ થાય તેવા ભાવથી એસ.જી. ઈંગ્લીશ મીડીયમ શાળામાં ધોરણ-૭માં અભ્યાસ કરતી રીયા કશ્યપ નિમાવતે કાર્ટુનનું નિર્માણ કર્યું છે.

## કોલવડાની વિદ્યાર્થિનીએ રાજ્યમાં બીજો નંબર મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા મહાત્મા ગાંધીના જીવન ચરિત્ર પર સમગ્ર રાજ્યમાં પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાની વિદ્યાર્થિનીએ રાજ્યમાં બીજો નંબર મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ગુજરાત રાજ્યમાં મહાત્મા ગાંધીના જીવન પર પરીક્ષા યોજી હતી. જેમાં પાટનગરની પાસેના કોલવડાના કે.કે. પટેલ વિદ્યાલયમાં ધોરણ-૯માં



અભ્યાસ કરતી ઝંખના કાન્તીભાઈ રાવળે બીજો નંબર મેળવ્યો હતો. પરીક્ષામાં રાજ્યની શાળાઓની વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વિદ્યાર્થીઓને સાદરા વિદ્યાપીઠ ખાતે ઈનામ, પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં બીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારવાથી આચાર્યા ભાવનાબા વાઘેલા અને પ્રવિણાબેન પ્રજાપતિએ અભિનંદન પાઠવ્યા છે.

## રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયા

તાજપુર, તા. ૧૨

ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા અમદાવાદના નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ અને તાજપુરના શ્રી સ્વામી વિવેકાનંદ ફાઉન્ડેશનના સહકારથી 'રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન-૧૩-૧૪ અંતર્ગત 'જૈવિક વિવિધતાનું સંરક્ષણ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનાર દરમ્યાન જૈવિક વિવિધતાનું સંરક્ષણ વિષય અંગે વિવિધ તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના વન અધિકારી જે.બી. પટેલ, દહેગામના મદદનીશ બાગાયન નિયામક નયન સોંદરવા અને નિવૃત્ત અધિકારી એન.એમ. પટેલનો સમાવેશ થાય છે. આ સેમિનારમાં ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત પર્યાવરણના બચાવ માટે મગોડી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના સેમિનાર પ્રાંતિયા અને જાખોરા ખાતે પણ યોજવામાં આવ્યા હતા.

## સમગ્ર ગુજરાત નાગર પરિષદની તાકીદની બેઠક બોલાવાઈ


અમદાવાદની સંસ્થા સમગ્ર ગુજરા નાગર પરિષદ (મહામંડળ) દ્વારા આગામી ચૈત્ર માસમાં કૃષ્ણ પક્ષમાં અંબાજી ખાતે આરાસુરી પરામ્બિકાનું વિધિ વિધાનપૂર્વક પૂજનનું આયોજન કરાયું છે. આ પૂજન તા. ૨૦મી એપ્રિલ થી તા. ૨૬મી એપ્રિલ દરમિયાન યોજાશે. જેની સંચાલન વ્યવસ્થાના આયોજન માટે આગામી તા. ૧૮મી માર્ચ મંગળવારે સાંજે ૬.૩૦ વાગે સંસ્થાના ખાડિયામાં જેઠાભાઈની પોળ ખાતે આવેલ કાર્યાલય પર યોજવામાં આવી છે.

દર વર્ષની જેમ નાગર પરિષદ દ્વારા આ વર્ષે પણ અંબાજી ખાતે પરામ્બિકાનું વિધિ વિધાનપૂર્વક પૂજનનું આયોજન ચૈત્ર માસના કૃષ્ણ પક્ષમાં યોજવામાં આવ્યું છે. જે માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની તા. ૨૦મી એપ્રિલથી તા. ૨૬મી એપ્રિલ દરમિયાન યોજવા મંજૂરી મળેલ છે. આ અનુસંધાને ટ્રસ્ટના કાર્યવાહક અને સલાહકાર સમિતિના સભ્યોની સંયુકત સભાનું આયોજન કરાયું છે. આ ખાસ સંજોગોમાં યોજવામાં આવેલ તાકીદની બેઠક હોઈ સર્વે સભ્યોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## સીવીએમના માનદ્‌મંત્રી પ્રિ. શનુભાઈ પટેલનો અમૃત સન્માન કાર્યક્રમ

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૨

વલ્લભ વિદ્યાનગરના ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.જે. વાણિજ્ય મહા વિદ્યાલયના વિદ્યાર્થી અને આચાર્ય રહી ચુકેલા અને હાલ સીવીએમના માનદમંત્રી પ્રિન્સીપાલ શનુભાઈ એમ. પટેલ પોતાના ૭૫ વર્ષ પૂર્ણ કરતા હોઈ તેમના અમૃત સન્માનનો કાર્યક્રમ તા. ૧લી એપ્રિલે સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન બીવીએમ ઓડીટોરિયમ ખાતે યોજવામાં આવ્યો છે.



પ્રિન્સીપાલ શનુભાઈ પટેલના અમૃત સન્માન નિમિત્તે કોલેજમાં સ્વૈચ્છિક યોગદાન દ્વારા જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ ફંડ એકઠુ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સ્કોલરશીપ ફંડમાં ચારુતર વિદ્યામંડળના નામનો ચેક કે ડ્રાફટ આપી આવકવેરાની કલમ ૮૦ જી મુજબ કરવેરા મુક્તિ મેળવી શકાશે. આ અમૃત સન્માન કાર્યક્રમના આયોજન માટે વિદ્યાર્થીઓને આગોતરી જાણ કરવામાં આવેલ છે.

## બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

આજથી શરૂ થતી ધોરણ-૧૦, ૧૨ બોર્ડની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને સંસ્કાર ગ્રુપ, સંસ્કાર યુવા ગ્રુપ, નેચર કલબ દ્વારા ગાંધીનગર શહેર અને ગ્રામીણના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી છે. ગ્રુપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઝળહળતી કારકિર્દી બનાવે તે માટે અમે અંતરથી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

## વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની એન.એસ.એસ.ની વિદ્યાર્થીનીઓએ પેથાપુર ખાતેના કૈલાશ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. કૈલાશધામ વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે વિદ્યાર્થીનીઓએ આખો દિવસ વિતાવ્યો હતો. સવારથી વૃધ્ધો સાથે ભજન-કિર્તન, ધાર્મિક વાર્તાઓ અને જુના વિચારોની વડીલો પાસેથી જાણકારી મેળવી હતી. મુલાકાતમાં ડૉ. રણછોડ રથવી, ગાયત્રી પંચાલ, ઈસીના શાહ, પરીન્દા વાઘેલા, જાનકી પટેલ, વિના પટેલ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

## એ.એ. પટેલ કોમર્સ કોલેજનો ૧૨મો વાર્ષિકોત્સવ યોજાશે

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ સે-૨૩નો ૧૨મો વાર્ષિકોત્સવ તા. ૧૩ માર્ચ સવારે ૯.૦૦ કલાકે ખીમજી વિસરામ હોલ, સે-૨૩ ખાતે યોજવામાં આવશે. વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે વલ્લભભાઈ પટેલ, ચેરમેન કડી સર્વ વિદ્યાલય પ્રો. ડી.ટી. કાપડિયા, ડાયરેક્ટર, કે.એસ.બી. અને ધર્મબંધુજી વેદીક મીશન ટ્રસ્ટ ઉપસ્થિત રહેશે. વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રો યોજવામાં આવશે. વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




બેટા, તમે એસ.એસ.સી.ની પરીક્ષાનું જરાય ટેન્શન ન કરશો, અમારી સામે જો. અમે હારીએ તો અમારે બીજા પાંચ વર્ષ રાહ જોવી પડે, તમારે તો બીજી ઓક્ટોબર સુધી જ...

## ચૌધરી મહિલા કોલેજમાં થેલેસેમિયા નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સે-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહકારથી થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડીસ્ટ્રીકટ ચેરમેન મેહુલભાઈ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતાં.

ચૌધરી કોલેજમાં યોજાયેલા થેલેસેમિયા નિદાન કેમ્પમાં કોલેજના કુલ ૨૮૩ વિદ્યાર્થીઓએ થેલેસેમિયાની તપાસ કરાવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ આ કેમ્પ દ્વારા સમાજની થેલેસેમિયાની સમસ્યા નાથવા પ્રયત્ન કરવામાં તેમનો સહકાર આપ્યો હતો. કેમ્પની સફળતા માટે રેડક્રોસ સોસાયટીના સુકેતુ મહેતા, દિવ્યમ રાણા અને જીજ્ઞેશ રાવલે જહેમત ઉઠાવી હતી. જયારે કોલેજ વતી યુથ રેડક્રોસના કન્વીનર ડૉ. લીના સ્વાદિયાએ ખૂબ મહેનત કરી હતી.

## માણસા ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

માણસા નગર અને આજુબાજુની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટે એ-વન મોટર્સ માણસા દ્વારા હોન્ડા ચિત્ર હરીફાઈ યોજવામાં આવી હતી. જેમાં ૨૬ શાળાના ૫૯૦૦ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રત્યેની કલા વિકસે અને પ્રોત્સાહન મળે તે હેતુથી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં શ્રેષ્ઠ ચિત્ર બનાવનાર વિદ્યાર્થીને પહેલો, બીજો અને ત્રીજો નંબર આપી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.



## હોળી નિમિત્તે બાળકોને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું

હોળીના તહેવાર આડે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે તહેવારને લઈને ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની પ્રાથમિક શાળાના બાળકોને નવા કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગજાનન સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકીય કાર્યો કરવામાં આવે છે ત્યારે હોળીના તહેવાર નિમિત્તે તાલુકાની પાંચ પ્રાથમિક શાળાના ૩૨૫ બાળકોને કપડા, પિચકારીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થા દ્વારા ભેટાલી આશ્રમ શાળા ખાતે ૨૫ કિ.ગ્રા. ચોખા, ૪ કિ.ગ્રા. મગદાળ સહિતની ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રતીભાઈ સુથાર, દશરથ પરમાર, મિલિન્દ ગુપ્તે, દિનેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતાં.

## ...જરૂરીયાતો જો ઘટાડશો તો જીવનમાં શાંતિનો શ્વાસ લેવાની ફૂરસદ મળશે

### સંસ્કાર ચિંતન

\- અનંત ન. વ્યાસ

સુરાસ્તાં તામૃદ્ધિ દધતિ તુ ભવદ્‌ભ્રૂપ્રણિહિતાં
ન હિ સ્વાત્મારામં વિષય મૃતૃષ્ણાભ્રમયાત ॥
શિવ મહિમ્ન શ્લોક ૮

ગંધર્વ પુષ્પદંભે ગાયેલા વિખ્યાત શિવ મહિમ્નસ્ત્રોતની આ પંક્તિઓ છે. શ્લોકના પ્રારંભની બે -પંક્તિમાં ભગવાન શિવની ગૃહસ્થીનું વર્ણન છે જ્યારે આ બે પંક્તિમાં ભાગવાન શિવની શક્તિ તથા તેઓની સાતાવસ્થાનો નિર્દેશ છે. શિવની ગૃહસ્થી સ્થાન તથા સ્થિતિ અતિ સામાન્ય છે. એક પોઠિયો, ઈસ, પરશુ, થોડી ભસ્મ, તથા સર્પ ન વસ્ત્રોનો આડંમ્બર ન મણિમય મુગટ, આમ ઈલા દેવો પણ તેઓની કૃપાદષ્ટિના યાચક છે. પોતાના કૃપાકટાક્ષથી શિવ દેવાને અઢળક સમૃદ્ધિના દાતા છે. જેને પોતાને તો કોઈ મોહ નથી જે આત્મતૃપ્ત છે તેવા જ્ઞાનીજનોને વિષય ભોગવવાની કોઈ લાલસા હોતી નથી. એ તો મૃગતૃષ્ણા છે એમમ જાણનારા જ્ઞાનીજનો કયારેય લાલસામાં ફસાઈ તેની પાછળ ભટકતાં નથી. શિવ પોતે જ બ્રહ્મજ્ઞાની છે. પુષ્પદંત કહે છે કે આપને વિષયો સ્પર્શી શકતા નથી. આવતી આ નિર્વાહક સામગ્રીમાં તથા આપના કૃપાપાત્ર દેવોની સમૃદ્ધિમાં ભારે તફાવત છે. આપતો આત્મનવ આત્મતુષ્ટ છો.

ભગવાન શિવ આપણા રાષ્ટ્રીય દેવનું સ્થાન ધરાવે છે. વૈભવમાં રાચનારા ભલે અન્ય દેવોનું યજન કરે પણ ભારતો સામાન્ય માનવી તો શિવને જ પોતાના લાગે છે પણ શિવ પુજાય છે. મહાદેવ સૌને પોતાના લાગે છે. કારણ કે તે કશાનો સંગ્રહ કરતા નથી. નથી તેની પાસે બંગલા કે વિશાળ જમીન. એ તો સ્મશાનવાસી છે. અતિ સામાન્ય અજ્ઞાનીજનો તેમના સાથીઓ છે. એ ખુલ્લા દિલે ગાય છે નાચે છે ને ભકતોને આનંદ આપે છે. તેઓ કશાનો સંગ્રહ કરવામાં માનતા નથી. રોજનું ભોજપ પણ ભીક્ષા પર જ આધારીત છે. અપરિગ્રહ વ્રતનું એ તો મૂર્ત સ્વરૂપ છે. જેની પૂજા અર્ચનામાં કોઈ આડંબર નથી. જેના બારણા કાયમ ઉઘાડા રહે છે. ભારતના સામાન્ય ગૃહસ્થી ધરાવતા આમ આદમીના એ પ્રતિક સ્વરૂપ છે. તેથી જ લોકને શિવ પોતાના લાગે છે. સામાન્ય માનવીના આરાધ્ય દેવ આપણને અગણિત સંદેશો પોતાની જીવન પદ્ધતિ દ્વારા આપે છે.

વસિષ્ઠ ઋષિ શિવને સંસાર-રોગ હરનારા કહે છે. આ સંસાર -રોગ એ કોઈ શારીરિક રોગ નથી. માણસજાતને હવે મામકા અને મમનો રોગ લાગુ પડ્યો છે. વેદવ્યાસ તો કહે છે . મમ એટલે જ મરણ આ મારું છે. તેવો રાગ જન્મે એટલે પતન. થવાનું. બ્રાહ્ય રોગ કરતાં આંતર ષઠરિપુ સામે લડવાનું બળ શિવ નામ આપે છે. ન મમ કંઈ મારું નથી તે ભાવ શિવ પાસેથી જાણવા મળે છે. આધુનિક અર્થશાસ્ત્રીઓ માને છે કે જીવનમાં જરૂરીયાતો વધારવાથી જીવન વધારે સમૃદ્ધ બને જેમ જેમ જરૂરિયાત વધે તેમ તેમ તે માટેની કામનાઓ જાગે. કામનાઓને સંતોષવા વધારેમાં વધારે પ્રયત્નો કરવા પડે. પ્રયત્નો આવક વધારે પરિણામે જીવન ધોરણ ઊચ્ચું બનતું જાય. પરંતુ આ એક વિષયચક્ર છે. કામનાઓ કયારેય પૂરા સંતોષાતી નથી. એક પછી એક વધારે મોટી ઈચ્છા જન્મે છે ને તે માટે નવા પ્રયત્નો થાય છે. તૃષ્ણાની તૃપ્તિ થતી નથી. ને માનવ વધારેમાં વધારે ફૂસાતો જાય છે.

આ વિષ ચક્રમાંથી બચવાનો અતિ સહેલો માર્ગ ભગવાન શિવ દર્શાવે છે. તમે તમારી જરૂરીયાત ઘટાડો- ઓછામાં ઓછી વસ્તુ કે સાધનથી સંતોષ માનો જરૂરીયાતો જો ઘટાડશો તો જીવનમાં શાંતિનો શ્વાસ લેવાની ફૂરસદ મળશે. બ્રાહ્ય સામગ્રીથી જીવન સમૃદ્ધ નથી થતું તે માટે તો સાત્વારામ થવાની જરૂર પડે છે. શિવ રહસ્યમય દેવ છે સાચા જ્ઞાનના પ્રસારક છે. આપણા લગભગ તમામ પુરાણોની કથાઓ, જ્ઞાન- કર્મ તથા યોગના નિયમો, ભક્તિમાર્ગો, આ સૌથઆદ્ય-પુરસ્કર્તા ભગવાન શિવ છે. વિશ્વના કલ્યાણ માટે માતા પાર્વતીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ જ્ઞાન-ભક્તિ જગતને સાંપડ્યા છે. આમ જીવો તો શિવ પાસે કશું નથી પણ વિચારીએ તો લાગે કે તેની પાસે શું નથી? અર્થશાસ્ત્રની ગાડી આજે જે અવળે પાટે ચડી ગઈ છે તેને સાચો માર્ગ શિવ દેખાડી આપે છે.

આજકાલ વિવિધ રીતે લોન લઈ પોતે સમૃદ્ધ જીવન જીવે છે. તેવો દંભ અને દેખાવ કરવાની પ્રથા વધતી જાય છે. ચર્વાકનો સિદ્ધાંત ઋણ કૃત્વા ધૃતમ પિવેત એ પાશ્ચાત્ય વ્યાપારી પ્રજાએ અપનાવ્યો છે ને હવે આપણે એ માર્ગે ગમન કરતા થયા છીએ ત્યારે શિવ પોતે મહાદેવ છે. ધનપતિ કુબેર તેનો મિત્ર છે રિધ્ધિ-સિદ્ધિના સ્વામી ગણેશ પુત્ર છે છતાં શિવ કંઈ લેતા નથી. આપણે શિવનો આ સિદ્ધાંત સ્વીકારેલો છે .પિતાનું ઋણ પુત્રે વાળવું પડે તેમ માનીએ છીએ. આ આદર્શ શિવે સ્થાપ્યો છે. કોઈનું કશું ન લો. બને તેટલું અન્યને આપો. તમે પોતે ભોગવશો તો તમને ક્ષણિક સુખ પ્રાપ્ત થશે. પણ અન્યને આપશો તો તમને વધારે શાંતિ અને સુખ મળશે.

પુષ્પદંતે ભગવાન શિવને સાત્મારામ કહ્યા છે. સાતમારામને વિષય લાલસા ભમાવતી નથી. વિષય લાલસા તો જે અજ્ઞાની છે તેને પોતાની પાછળ દોડાવે છે. માનવી માને છે કે ઈન્દ્રિય સુખોમાં તમામ સુખો સમાયા છે. તેથી જ્યાં ને ત્યાં ઈન્દ્રિય સુખ પ્રાપ્ત કરવા સતત દોડતા રહે છે. જેમ ભૂખ્યો માણસ ખાદ્ય-અખાદ્યનો વિવેક નથી કરી શકતો તેમ વિષય ભોગ પાછળ અંધ બનેલ વ્યક્તિ પણ વિવેક દષ્ટિ ગુમાવી બેસે છે. ઈન્દ્રિય સુખ મારફત શાંતિ મેળવવી એ તો ઝાઝવાના જળથી તરસ છીપાવવા જેવી વાત છે. ઝાંઝવાના જળ મૃગજળએ ભ્રમણા છએ અને ભ્રમણા પાછળ ભમતા મૃગો જેમ અંતે વિનાશ પામે છે તેમ માનવી પણ પતનના ઊંડા ગર્તમાં ફેંકાય જાય છે. વિષય લાલસા માત્ર અજ્ઞાની લોકોને જ ડૂબાડે છે.

પણ જે બ્રહ્મજ્ઞાની છે તેને માટે તો કોઈ કર્મજ નથી રહેતું. શ્રીમદ્‌-ભાગવત્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે જે સ્વ- આત્મામાં તૃપ્ત છે તેને માટે તો કોઈ કર્તવ્ય નથી. એને માટે રાગ-દ્વેષ જેવા જોડકા નથી. જે સદા તૃપ્ત છે. તેની તમામ કામના શાંત થઈ જાય છે. જેને પોતાને કશું મેળવવાનું નથી જે તમામ પ્રકારની ગ્રંથીઓથી મુક્ત છે. તેવી વ્યક્તિ આત્મતૃપ્ત ગણાય. ભગવાન શિવ તો પોતે જ સાક્ષાત બ્રહ્મ છે. તમામ પ્રકારના ત્રાનનો પ્રારંભ કરનાર શિવ છે એટલે તેમને બ્રહ્મજ્ઞાની કહેવા સદાતૃપ્ત કહેવા કે અન્ય ઉપમા આપવી તે તો ભગવાનનું ઓછું મૂલ્ય આંકવાની વાત થઈ. ભગવાન શિવની તમામ લીલાઓનું અવલોકન કરતાં પણ એ સ્પષ્ટ થાય છે ભગવાન શિવ તો મહાદેવ છે, તેને માટે વિષય મૃગતૃષ્ણાનો પ્રશ્ન જ ન ઊભો થાય. સકામ બુદ્ધિવાળા મનુષ્યને જ વિષયો ભમાવે પણ જે તદ્દન નિષ્કામ છે તેને વિષયો તો વિષ સમાન છે.

પુષ્પદંતે મહિમ્નમાં ભગવાન શિવનો મહિમા જ ગાયો છે. ભગવાન શિવના ચરણમાં વંદન કરી એ આત્મતૃપ્ત ભગવાનની કૃપા યાચીએ.